ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.
સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ,
વડોદરા - ૩૯૦ ૦૦૭.
ફોન નં.૨૩૧૦૫૮૨-૮૪ ફેક્સ: ૨૩૧૧૭૯૭
CIN U40109GJ2004SGC045195

An ISO 9001:2015 Company

ક્રમાંક:જીયુવીએનએલ/એચઆર/૫૨૩ તા: ૧૭ /03/૨૦૨૦

**પરિપત્ર :**

**વિષય:- નોવેલ કોરોના વાયરસ-૨૦૧૯ (covid-19) અંગે તકેદારી રાખવા બાબત.**

સંદર્ભ: ૧. અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગરનો પરિપત્ર ક્રમાંક: એનસીવી-૧૦૨૦૨૦-૨૫૬-ગ તા:૧૩/03/૨૦૨૦

૨. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામું તા:૧૫/03/૨૦૨૦

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા **''નોવેલ કોરોના વાયરસ-૨૦૧૯ (covid-19)''** ને **''વૈશ્વિક મહામારી''** જાહેર કરવામાં આવેલ છે. આ વાયરસ વિશ્વના ૧૨૨ દેશોમાં ફેલાયેલ છે. ભારતમાં આ રોગના કુલ-૯૩ કેસ નોંધાયેલ છે અને ગુજરાત રાજ્યમાં આ રોગનો એક પણ કેસ નોંધાયેલ નથી. પરંતુ રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તકેદારીના ભાગરૂપે કેટલીક સૂચનાઓ આપવામાં આવેલ છે.

૧. જીયુવીએનએલ અને તેની સંલગ્ન કંપનીઓમાં સામૂહિક / સામાજિક મેળાવડા / નાના-મોટા પ્રસંગો મોકૂફ રાખવા.

૨. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ગુજરાત એનર્જી ટ્રેનીંગ અને રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ અને તેને સંલગ્ન જી.ઈ.કે.સી. અંતર્ગત ચાલતી તમામ ટ્રેનીંગ તા:૩૧/03/૨૦૨૦ સુધી રદ કરવી / મોકૂફ રાખવી.

3. જીયુવીએનએલ અને તેની સંલગ્ન તમામ કંપનીઓની કચેરીઓમાં પૂરતી સ્વચ્છતા જાળવવી અને તમામ શૌચાલયમાં સાબુ કે લીકવીડ શોપની પૂરતી વ્યવસ્થા કરવી. જે સ્થળોએ વધુ લોકોનો સ્પર્શ થતો હોય તેવી જગ્યાએ સમયાંતરે સ્વચ્છતા જાળવવી.

૪. દિવસ દરમ્યાન શક્ય હોય ત્યાં સુધી કેન્ટીનનો ઉપયોગ ટાળવો તથા કેન્ટીન કે કલબ હોલમાં એક સાથે વધુ સંખ્યામાં કે ટોળામાં ભેગા થવાનું ટાળવું.

૫. મુલાકાતીઓની રૂબરૂ મુલાકાત શકય હોય ત્યાં સુધી ટાળવી. રોજબરોજના મુલાકાતીઓના પાસ જારી કરવાની તથા ફકત જૂજ કિસ્સામાં જયાં ઉપરી અધિકારી રૂબરૂ મુલાકાતની મંજુરી આપેલ હોય તેવા કિસ્સામાં જ મુલાકાતીઓને ઓફિસમાં દાખલ થવા દેવા.

૬. શકય હોય ત્યાં સુધી મીટિંગ ટાળવી, મીટિંગ માટે મહત્તમ વીડિયો કોન્ફરન્સ સુવિધાનો ઉપયોગ કરવો, જેથી એક જગ્યાએ મોટી સંખ્યામાં કર્મચારી/ અધિકારીઓ ને એકત્ર કરવાનું ટાળી શકાય.

૭. જરૂર ન હોય તેવા કિસ્સામાં ઓફિસ પ્રવાસ ટાળવો.

૮. જરૂરી પત્રવ્યવહાર ઓફિશ્યલ ઇમેઇલ અને ડીઝીટલ સ્વરૂપે કરવો જેથી ફાઇલો અને દસ્તાવેજોની મુવમેન્ટ ટાળી શકાય.

૯. ટપાલની સ્વીકૃતિ અને ડીલીવરી ઓફિસના પ્રવેશદ્વાર પાસે રાખવી જેથી ટપાલની ઓફિસ પ્રીમાઇસીસમાં બીનજરૂરી મુવમેન્ટ ટાળી શકાય.

૧૦. ઓફિસ કચેરીમાં, રહેણાંકની કોલોનીમાં આવેલ તમામ જીમ, રીક્રીએશન કલબ, ઘોડીયાઘર તાત્કાલિક અસરથી બીજી સૂચના ના મળે ત્યાં સુધી બંધ રાખવા.

૧૧. જો કોઇ અધિકારી / કર્મચારીઓને કફ, શરદી કે તાવના લક્ષણ જણાય તો તેની રજા ઉપરી અધિકારીએ મંજૂર કરવી.

૧૨. આ સાથે કેન્દ્ર સરકારશ્રીના તા.૧૭-૩-૨૦૨૦ ના સદર બાબતના પ્રસિધ્ધ થયેલ પરિપત્રની નકલ આ સાથે ચુસ્તપણે પાલન કરવા અર્થે સામેલ છે.

. સ્વચ્છતા જાળવવા નીચે મુજબનાં પગલાં લેવા આથી અપીલ કરવામાં આવે છે.

☞ હાથ મિલાવવાની જગ્યાએ નમસ્તે દ્વારા અભિવાદન કરવું, સાબુ કે સેનેટાઇઝર દ્વારા વારંવાર હાથ ધોવા, જાહેરમાં થુંકવું નહીં, ઉધરસ કે છીંક હાથ રૂમાલમાં, શર્ટની બાંય ઉપર કોણીના ભાગે નાંક રાખી અથવા સાડીનો પાલવમાં ખાવી અને કફ એટીકેટ જાળવવી.

તદ્ઉપરાંત રોગપ્રતિકારક શક્તિ ઘટે નહીં તે માટે નીચે મુજબની કાળજી લેવી.

☞ ભુખ્યા પેટે બહાર નીકળવું નહીં, પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવું, નિયમિત યોગ વ્યાયામ કરવો, પૂરતો આરામ લેવો, પૌષ્ટિક આહાર લેવો.

ઉપરોક્ત સૂચનાઓ આપણાં સૌના સ્વાસ્થ્ય માટે બહાર પાડવામાં આવેલ હોઈ તેનો ચૂસ્તપણે અમલ કરવા તથા પ્રચાર/પ્રસાર કરવા તમામ કર્મચારીઓને નમ્ર અનુરોધ છે.

( ડો. નિલેશ મુન્શી )
જનરલ મેનેજર (એચ.આર.)

પ્રતિ,

૧. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જીસેક/જેટકો/એમજીવીસીએલ કોર્પોરેટ ઓફિસ, વડોદરા.
૨. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, પીજીવીસીએલ- રાજકોટ, /ડીજીવીસીએલ-સુરત /યુજીવીસીએલ - મહેસાણા.
૩. એડી.જી.પી. (સીક્યોરીટી) એન્ડ સીવીઓ, જીયુવીએનએલ, વડોદરા.
૪. ડીરેક્ટરશ્રી (ટેકનીકલ), જીયુવીએનએલ, વડોદરા.
૫. તમામ કંપનીના એચ.આર. વિભાગના વડાશ્રીઓ,
૬. જીયુવીએનએલ કચેરીના તમામ વિભાગના વડાશ્રી.
૭. તમામ નોટીસ બોર્ડ

નોવેલ કોરોના વાયરસ-૨૦૧૯ (COVID-19) અન્વયે વર્કશોપ કોન્ફરન્સ, સેમીનાર મોકૂફ રાખવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: એનસીવી-૧૦૨૦૨૦-૨૫૬-ગ
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૩/૦૩/૨૦૨૦

પરિપત્ર:-

નોવેલ કોરોના વાયરસ (COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. વિશ્વમાં કોરોના વાયરસના ૧,૨૫,૦૦૦ થી વધુ કેસ તથા ૪,૦૦૦ થી વધુ મરણ નોંધાયેલ છે. જ્યારે ભારતમાં આ રોગના કુલ-૮૧ કેસ નોંધાયેલ છે. કોરોના વાયરસનો ફેલાવો શ્વાચ્છોશ્વાસ દ્વારા, ડ્રોપલેટ દ્વારા સીધા સંપર્કથી થતો હોય છે. હાલમાં વિશ્વમાં તથા દેશમાં પ્રવર્તી રહેલ કોરોના વાયરસની પરીસ્થિતિને ધ્યાને લેતાં રાજ્યમાં કોરોના વાયરસનો ફેલાવો ન થાય તે માટે ભારત સરકાર તરફથી પરિપત્ર મારફતે સમયાંતરે મળેલ સૂચનાઓ ધ્યાને લઇ તકેદારીના પગલારૂપે રાજ્યમાં કોઇ એક જગ્યા પર લાંબા સમય માટે વધુ માણસો ભેગા ન થાય તે હેતુસર તાત્કાલિક અસરથી તમામ સરકારી કચેરીઓ/સંસ્થાઓમાં યોજાતા વર્કશોપ, સેમીનાર, કોન્ફરન્સો તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી મોકુફ રાખવા આથી જણાવવામાં આવે છે.

આમ નાગરિકોને પણ આ સમય દરમ્યાન તકેદારીના ભાગરૂપે સામુહિક/સામાજિક મેળાવડાઓના નાનાં-મોટા પ્રસંગો ટાળવા/મોકૂફ રાખવા અપીલ કરવામાં આવે છે અને આ બાબત જિલ્લા સ્તરેથી જાહેર જનતા સુધી પહોંચાડવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.જયંતી રવિ)
અગ્ર સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

હેલ્પલાઈન: ૧૦૪

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

ગાંધીનગર.

ફોન નં ૦૭૯-૨૩૨૫૦૮૧૮ ઈ-મેલ: ssoidsp@gmail.com

સત્યમેવ જયતે

તા.૧૫.૦૩.૨૦૨૦

## રાજય સકરાર દ્વારા COVID-19 રોગ અંગે એપિડેમીક એકટ-૧૮૯૭ અંતર્ગત જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ નોવેલ કોરોના વાયરસ COVID-19 ને *PANDEMIC* જાહેર કરેલ છે, જે ૧૨૨ દેશોમાં ફેલાયેલ છે. ચીન, કોરિયા, ઇરાન, ઇટલી, જર્મની, ફ્રાન્સ અને સ્પેન આ રોગથી સૌથી વધુ અસરગ્રસ્ત થયેલ છે. ભારતમાં આ રોગના કુલ-૯૩ કેસ અને ૨ મરણ નોંધાયેલ છે. ગુજરાત રાજયમાં આ રોગનો એક પણ કેસ નોંધાયેલ નથી.

*રાજયમાં આવેલ તમામ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે શાળા, કોલેજ, ટયુશન કલાસીસ, આંગણવાડી વિગેરે બંધ રાખવાનો નિર્ણય*

*રાજયમાં તમામ સ્વીમીંગ પુલ અને સિનેમા હોલ તાત્કાલીક અસરથી તા. ૨૯/૦૩/૨૦૨૦ સુધી બંધ*

| કોરોના વાયરસ રોગની પરીસ્થિતિ | | | |
|---|---|---|---|
| | વિશ્વ | ભારત | ગુજરાત |
| આજના કેસ | ૯૭૬૯ | ૧૦ | 0 |
| કુલ કેસ | ૧૪૨૫૩૯ | ૯૩ | 0 |
| આજના મરણ | ૪૩૮ | ૦૦ | 0 |
| કુલ મરણ | ૫૩૯૩ | ૦૨ | 0 |

વિશ્વમાં ફેલાયેલ કોરોના વાયરસ રોગની *PANDEMIC* ને પહોંચી વળવા આજ રોજ માન.મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાને સમીક્ષા બેઠક યોજવામાં આવેલ. જેમાં માન.નાયબ મુખ્યમંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, અગ્ર સચિવ (આરોગ્ય) , સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અમદાવાદ, કમિશ્નરશ્રી (આરોગ્ય) અને અન્ય અધિકારીઓ હાજર રહેલ.

ગુજરાતમાં કોરોના વાયરસનો આજની તા.૧૫/૦૩/૨૦૨૦ સુધી એક પણ પોઝીટીવ કેસ થયેલ નથી. અને અત્યાર સુધી આરોગ્યની ટીમ અને જિલ્લાની ટીમ દ્વારા સર્વેલન્સ, રોગ અટકાયતી પગલાંની વિવિધ કામગીરીઓ કરવામાં આવેલ છે તેની માન.મુખ્યમંત્રીશ્રીએ નોંધ લીધી હતી. દેશના ઘણા રાજયોમાં કોરોના વાયરસના પોઝીટીવ કેસો જણાયેલ છે જેમાં ગુજરાતના પાડોશી રાજયો જેવા કે રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તેમજ દિલ્હી કે જયાંથી ગુજરાતમાં અનેક વ્યકિતઓની અવર-જવર રહેતી હોય છે. આ બાબતની વિસ્તૃત ચર્ચા કરતાં સદરહુ મીટીંગમાં હાજર આરોગ્ય વિભાગના તજજ્ઞો તેમજ ભારત સરકાર અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનની વખતો વખતની માર્ગદર્શીકાઓને ધ્યાને લઇને આ વાયરસનો ચેપ ગુજરાતમાં પ્રવેશે નહિ તેની કાળજી લેવી જરૂરી હોય, તેમજ અન્ય રાજયોમાંથી આવતાં વ્યકિતઓ દ્વારા રાજયમાં આ વાયરસ ફેલાય નહિ તેની વિશેષ કાળજી લેવા જરૂરી સુચનાઓ પાઠવવામાં આવી. આ બાબત ધ્યાને લઇ રાજય સરકારે અગમચેતીના પગલાં રૂપે નીચે મુજબના નિર્ણયો લીધેલ છે.

- તા.૧૬/૦૩/૨૦૨૦ સોમવારથી તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી રાજયમાં આવેલ તમામ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે શાળા, કોલેજ, ખાનગી ટયુશન કલાસીસ, આંગણવાડી વિગેરેમાં શૈક્ષણિક કાર્ય મોકુફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પરંતુ બિન શૈક્ષણિક કાર્ય ચાલુ રહેશે અને શિક્ષકો તથા અન્ય કર્મચારીઓએ નિયમિત રીતે આસમય દરમ્યાન હાજર રહી બિન શૈક્ષણિક કામગીરી કરવાની રહેશે. સદર બાબતે જે તે વિભાગ અલગથી આદેશો કરશે.
- ધોરણ-૧૦ અને ધોરણ- ૧૨ ની પરિક્ષાઓ વિધાર્થીઓની કારકીંદીના હીતને ધ્યાનમાં રાખી યથાવત રીતે ચાલુ રહેશે.
- રાજયમાં તમામ સ્વીમીંગ પુલ અને સિનેમા હોલ તાત્કાલીક અસરથી તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી બંધ રાખવાના રહેશે.
- કોરોના વાયરસનો ચેપ સામાન્ય રીતે ડ્રોપલેટ ઇન્ફેકશન એટલે કે સંક્રમિત વ્યકિતના કે વસ્તુના સંપર્કમાં આવવાથી લાગતો હોય છે. તેમજ સંક્રમિત વ્યકિતના જાહેરમાં થુંકવાના કારણે આ રોગનો ફેલાવો થવાની શકયતા રહેલી છે. જે ધ્યાને લઇ રાજય સરકારે જાહેરમાં થુંકવા ઉપર પ્રતિબંધ મુકવાનું નકકી કરેલ છે. અને જો કોઇ વ્યકિત જાહેરમાં થુંકતાં પકડાશે તો રૂા. ૫૦૦/- ના દંડની ભરપાઇ કરવાની રહેશે. આ માટેની કામગીરી મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા અને ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ્ય પંચાયત વિભાગ દ્વારા કરવામાં આવશે.
- તમામ ખાનગી સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓને સરકારશ્રી દ્વારા અપીલ કરવામાં આવે છે કે એવા કાર્યક્રમ જયાં મોટી સંખ્યામાં લોકો ભેગા થવાના હોઇ તે હાલ મોકુફ રાખવામાં આવે.

- તમામ સરકારી હોસ્પિટલમાં કોરોના વાયરસના સંભવિત સંક્રમણને પહોંચી વળવા માટેની તૈયારીની સમીક્ષા કરવામાં આવેલ જેમાં અત્યાર સુધી કરવામાં આવેલ કામગીરી જેવી કે
    - વિદેશથી આવતાં વ્યકિતઓનું સ્ક્રીનીંગ
    - અસરગ્રસ્ત દેશોમાંથી આવેલ વ્યકિતઓનું ૨૮ દિવસ સુધી નિરીક્ષણ
    - લેબોરેટરી પરીક્ષણની સુવિધાઓ

ઉકત તમામ બાબતે આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરીને વધારે સઘન બનાવવા માન.મુખ્યમંત્રીશ્રીએ સુચના આપેલ કે આગામી સમયમાં રાજયમાં કોઇપણ પરિસ્થિતિને પહોંચી વળવા રાજયભરની તમામ હોસ્પિટલોમાં માસ્ક, પી.પી.ઇ. કીટ તેમજ જીવન જરૂરીયાતની દવાઓની પુરતી વ્યવસ્થા રહે, અછત સર્જાય નહિ તે સુનિશ્રત કરવા જણાવેલ. ઉપરાંત ખાનગી હોસ્પિટલોમાં પણ ઉપલબ્ધ સુવિધાઓ જેવી કે આઇસોલેશન વોર્ડની પણ સેવાઓ ઉભી કરવામાં આવે.

- રાજયની તમામ એસ.ટી. બસો અને જાહેર જગ્યાઓથી કોરોનાનું સંક્રમણ ન ફેલાય તે માટે તમામ જગ્યાઓ ઉપર સાફ સફાઇ અને ચેપ અટાકયત માટેની ઝુંબેશ કરવામાં આવશે. તમામ મ્યુનિસીપલ કોર્પોરેશન, નગરપાલિકા, નગર પંચાયત, ગ્રામ પંચાયત વિસ્તારમાં જયાં લોકોની અવર-જવર વધારે હોય ત્યાં સાબુથી હાથ ધોવાની વ્યવસ્થા કરવામાં આવશે.

ઉપરોકત બાબતે અત્યાર સુધી લોકો તરફથી જે સાથે સહકાર મળેલ છે તેના માટે માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા ખુબ આભાર માનવામાં આવ્યો અને આગામી સમયમાં નીચે મુજબની જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

- હાથ મિલાવવાની જગ્યાએ નમસ્તે દ્વારા અભિવાદન કરવું
- સાબુ કે સેનેટાઇઝર દ્વારા વારંવાર હાથ ધોવા
- જાહેરમાં થુંકવું નહિ
- ઉધરસ કે છીંક શર્ટની બાંય, સાડીનો પાલવ અથવા રૂમાલમાં ખાવી અને કફ એટીકેટ જાળવવી.

આપણે સૌ જાણીએ છીએ કે કોરોના વાયરસનો હાલ કોઇ ઉપચાર નથી અને સાવચેતી એ જ ઉપાય છે. જેના માટે નીચેની બાબતોનું ધ્યાન રાખીએ અને સમાજને મદદરૂપ થઇએ.

- રોગપ્રતિકારક શકિત ઘટે તેવા સંજોગોમાં આ રોગ ઝડપથી લાગુ થાય છે. જેને ધ્યાને લઇ નીચે મુજબની કાળજી લઇએ.
    - ભુખ્યા પેટે બહાર નીકળવું નહિ
    - પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવું
    - નિયમિત યોગ વ્યાયમ કરવો
    - પુરતો આરામ લેવો
    - પૌષ્ટીક આહાર લેવો

- સીનીયર સીટીઝન વ્યકિતઓએ વધારે કાળજી લેવી. ખાસ કરીને એવા વ્યકિતઓ જેમને અન્ય બિમારીઓ જેવી કે ડાયાબીટીસ, હાયપરટેન્શન, અસ્થમા વગેરે હોય તેઓએ શકય હોય ત્યાં સુધી હોમ કવોરોન્ટાઇન રહેવું.
- કોઇ પણ સંક્રમિત વ્યકિતઓએ અન્ય લોકોના સંપર્કમાં આવવું નહિ.

| રાજ્યમાં લેબ પરીક્ષણ કરેલ સેમ્પલની વિગત | | | |
|---|---|---|---|
| કુલ સેમ્પલ | પોઝીટીવ | નેગેટીવ | રીપોર્ટ બાકી |
| ૭૮ | ૦૦ | ૭૭ | ૦૧ |

**શું કરવું?**

❖ **શ્વાચ્છોશ્વાસની સભ્યતા એટલે કે છીંક કે ઉધરસ વખતે નાક અને મોં ઢાંકવું.**

❖ **નિયમિત રીતે સાબુ અને પાણીથી વારંવાર હાથ ધોવા.**

❖ **હાથ મિલાવવાનું ટાળવું.**

❖ **અન્ય વ્યકિતને તાવ અને ખાંસીના લક્ષણ હોય તેનાથી સુરક્ષિત અંતર જાળવવું.**

❖ **રોગ નાં લક્ષણ જણાય તો ૧૪ દિવસ માટે અલગ રૂમમાં રહેવું.**

**શું ના કરવું?**

❖ **ભીડભાડ વાળી જગ્યાએ ન જવું.**

❖ **ગમે ત્યાં થૂંકવું નહિ.**

❖ **ખાંસી કે છીંક ખુલ્લી હથેળીઓમાં ખાવી નહી.**

રોગ અંગે કોઇપણ પ્રકારની માહિતી મેળવવા માટે હેલ્પલાઇન નંબર ૧૦૪ તેમજ ટવીટર હેન્ડલ **@GujHFWDept** ઉપર સંપર્ક કરવો.

प्रीति सूदन, आईएएस
सचिव
**PREETI SUDAN, IAS**
Secretary

सत्यमेव जयते

भारत सरकार
स्वास्थ्य एवं परिवार कल्याण विभाग
स्वास्थ्य एवं परिवार कल्याण मंत्रालय
**Government of India**
**Department of Health and Family Welfare**
**Ministry of Health and Family Welfare**

D.O.No.Z-21020/14/2020-PH
17-3-2020

Dear Colleagues,

A number of measures have been taken both by Govt of India and by the States to contain nCoronavirus/COVID-19. These include dissemination of Do's & Don'ts, guidelines on wearing of masks, action on various travel advisories, implementation of protocols on surveillance, prevention of hospital infection, discharge policy, clinical management, etc. Kindly visit our website https://mohfw.gov.in for details.

Extensive consultations have been held with public health experts who have suggested to focus on social distancing measures as a preventive strategy to contain transmission of Covid-19. It was brought out that implementation of social distancing measures would have a major impact in limiting the spread and will also provide us with time to strengthen our response framework.

Accordingly, advisory/guidelines are drawn up for further action. While implementing these measures, it is important to educate the community so as to ensure their cooperation and avoid any panic. It is reiterated that these are preventive measures so as to lessen the impact of COVID-19 in the country and are temporary.

I shall be grateful if the enclosed advisory/guidelines are implemented as applicable to your particular Ministry/Department and organizations under you. You may also like to issue your own orders/advisory in this regard. Please direct States implement these effectively.

With collective effort, we will succeed in containing Covid-19.

Warm regards,
Yours sincerely,

(Preeti Sudan)

Secretaries to GoI of all Ministries/Departments

Encl.: as above

Room No. 156, A-Wing, Nirman Bhawan, New Delhi-110 011
Tele : (O) 011-23061863, 23063221, Fax : 011-23061252, E-mail : secyhfw@nic.in

## Advisory on Social Distancing Measure in view of spread of COVID-19 disease

Social distancing is a non-pharmaceutical infection prevention and control intervention implemented to avoid/decrease contact between those who are infected with a disease causing pathogen and those who are not, so as to stop or slow down the rate and extent of disease transmission in a community. This eventually leads to decrease in spread, morbidity and mortality due to the disease.

In addition to the proposed interventions, the State/UT Governments may prescribe such other measures as they consider necessary.

All these proposed interventions shall be in force till 31st of March, 2020. They will be reviewed as per the evolving situation.

**The following interventions are proposed:**

1. Closure of all educational establishments (schools, universities etc), gyms, museums, cultural and social centres, swimming pools and theatres. Students should be advised to stay at home. Online education to be promoted.

2. Possibility of postponing exams may be explored. Ongoing exams to be conducted only after ensuring physical distance of one meter amongst students.

3. Encourage private sector organizations/employers to allow employees to work from home wherever feasible.

4. Meetings, as far as feasible, shall be done through video conferences. Minimize or reschedule meetings involving large number of people unless necessary.

5. Restaurants to ensure handwashing protocol and proper cleanliness of frequently touched surfaces. Ensure physical distancing (minimum 1metre) between tables; encourage open air seating where practical with adequate distancing.

6. Keep already planned weddings to a limited gathering, postpone all non-essential social and cultural gatherings.

7. Local authorities to have a dialogue with organizers of sporting events and competitions involving large gatherings and they may be advised to postpone such events.

8. Local authorities to have a dialogue with opinion leaders and religious leaders to regulate mass gatherings and should ensure no overcrowding/at least one metre distance between people.

9. Local authorities to have meeting with traders associations and other stakeholders to regulate hours, exhibit Do's and Don'ts and take up a communication drive in market places like sabzi mandi, anaj mandi, bus depots, railway stations, post-offices etc., where essential services are provided.

10. All commercial activities must keep a distance of one meter between customers. Measures to reduce peak hour crowding in markets.

11. Non-essential travel should be avoided. Buses, Trains and aeroplanes to maximize social distancing in public transport besides ensuring regular and proper disinfection of surfaces.

12. Hospitals to follow necessary protocol related with COVID-19 management as prescribed and restrict family/friends/children visiting patients in hospitals.

13. Hygiene and physical distancing has to be maintained. Shaking hands and hugging as a matter of greeting to be avoided.

14. Special protective measures for delivery men/ women working in online ordering services.

15. Keep communities informed consistently and constantly.

**Ministry of Health & Family Welfare**

F.No.11013/9/2014-Estt.A.III
Government of India
Ministry of Personnel, Public Grievances and Pensions
(Department of Personnel and Training)
*****

North Block, New Delhi
Dated: 16/03/2020
17th

## OFFICE MEMORANDUM

**Subject: Preventive measures to be taken to contain the spread of Novel Coronavirus (COVID-19) – regarding.**

In order to contain the spread of Novel Coronavirus (COVID-19), some precautionary measures are required to be taken by all the employees and the Ministries/Departments. In this regard, it has been decided to issue the following advisory for the well-being of Government employees and in public interest.

2. All the Ministries/Departments are advised to take all necessary measures such as :-

(i) Install thermal scanners at the entry of Government buildings, as feasible. Mandatory placing of hand sanitizers at the entry of Government buildings. Those found having flu-like symptoms may be advised to take proper treatment/quarantine etc.

(ii) Discourage, to the maximum extent, entry of visitors in the office complex. Routine issue of visitors/temporary passes should be suspended with immediate effect. Only those visitors whom have proper permission of the officer who they want to meet, should be allowed after being properly screened.

(iii) Meetings, as far as feasible, should be done through video conferencing. To minimize or reschedule meetings involving large number of people unless necessary.

(iv) Avoid non-essential official travel.

(v) Undertake essential correspondence on official email and avoid sending files and documents to other offices, to the extent possible.

(vi) Facilitate delivery and receipt of dak at the entry point itself of the office building, as far as practicable.

(vii) Close all gyms/recreation centres/creches located in Government buildings.

(viii) Ensure proper cleaning and frequent sanitization of the work-place, particularly of the frequently touched surfaces.



Scanned with CamScanner

(ix) Ensure regular supply of hand sanitisers, soap and running water in the washrooms.

(x) All officials may be advised to take care of their own health and look out for respiratory symptoms/fever and, if feeling unwell, should leave the workplace immediately after informing their reporting officers. They should observe home-quarantine as per the guidelines issued by MoH&FW, Government of India available at the following URL: **mohfw.gov.in/DraftGuidelinesforhomequarantine.pdf.**

(xi) The leave sanctioning authorities are advised to sanction leave whenever any request is made for self-quarantine as a precautionary measure.

(xii) Advise all employees who are at higher risk i.e. older employees, pregnant employees and employees who have underlying medical conditions, to take extra precautions. The Ministries/Departments may take care not to expose such employees to any front-line work requiring direct contact with the public.

3. An indicative list of Do's and Don'ts is also annexed for wide dissemination.

**Encl: As above**

17/3/2020

(Umesh Kumar Bhatia)
Deputy Secretary to the Govt. of India

To,

1. All the Ministries/Departments, Government of India
2. PMO/Cabinet Secretariat
3. PS to Hon'ble MOS(PP)
4. PSO to Secretary(Personnel)
5. Sr. Tech. Dir., NIC, DoP&T

(3–5) For Information

Scanned with CamScanner

**ANNEXURE**

## Do's

- To maintain personal hygiene and physical distancing.
- To practice frequent hand washing. Wash hands with soap and water or use alcohol-based hand rub. Wash hands even if they are visibly clean.
- To cover your nose and mouth with handkerchief/tissue while sneezing and coughing.
- To throw used tissues into closed bins immediately after use.
- To maintain a safe distance from persons during interaction, especially with those having flu-like symptoms.
- To sneeze in the inner side of your elbow and not to cough into the palms of your hands.
- To take their temperature regularly and check for respiratory symptoms. To see a doctor if you feel unwell (fever, difficulty in breathing and coughing). While visiting doctor, wear a mask/cloth to cover your mouth and nose.
- For any fever/flu-like signs/symptoms, please call State helpline number or the 24x7 helpline number of the Ministry of Health & Family Welfare at 011-23978046.

## Don'ts

- Shake hands.
- Have a close contact with anyone, if you're experiencing cough and fever.
- Touch your eyes, nose and mouth.
- Sneeze or cough into palms of your hands.
- Spit in Public.
- Travel unnecessarily, particularly to any affected region.
- Participate in large gatherings, including sitting in groups at canteens.
- Visit gyms, clubs and crowded places etc.
- Spread rumours or panic.



Scanned with CamScanner